Extra No. 179

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **TUESDAY, JULY 07, 2026 / ASADHA 16, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

વંચાણે લીધા:

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના તા.૨૩/૦૬/૨૦૨૬ના પત્ર ક્રમાંક:એલઆઈબી/સ્પા,મસાજ/જાહેરનામું/૧૫૬૨/૨૦૨૬

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા સને ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

નં.ડીસી/પી.ઓ.એલ.-૨/જાહેરનામું/કલમ-૧૬૩/સ્પા-મસાજ/વશી/૯૪૫/૨૦૨૬.- પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના આમુખ-(૨) ના પત્રની વિગતે અત્રેના જિલ્લામાં શહેરના રહેણાંક તેમજ ઔદ્યોગિક વિસ્તારોમાં સ્પા/મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી પદાર્થોનું સેવન, દેહવ્યાપાર તથા અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ થતી હોવાનું જણાઈ આવેલ છે. કેટલાક અસામાજિક તત્વો આવા પાર્લરોની આડમાં ગુનાહિત પ્રવૃત્તિઓ કરીને જાહેર શાંતિ અને સલામતીમાં ભંગ પેદા કરે છે. આથી, આવા ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકવા માટે સ્પા/મસાજ પાર્લરોની વિગત સંબંધિત પોલીસ સ્ટેશનમાં ઉપલબ્ધ હોવી આવશ્યક હોઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ (આઈ.એ.એસ.), કલેકટર અને મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

સાબરકાંઠા જિલ્લાના સમગ્ર હદ વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરના માલીકો અગર તો આ માટે આવા સ્પા/મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતાં કર્મચારીઓની સંખ્યા સહિતની નીચે જણાવ્યા મુજબની સંપૂર્ણ વિગત સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

પોલીસ સ્ટેશનનું નામ.....,સાબરકાંઠા જિલ્લો

અ.નં.	વિગત	રિમાર્કસ
૧	સ્પા/મસાજ પાર્લર, માલીક/સંચાલકનું નામ, સરનામું તથા ટેલીફોન અને મોબાઈલ નંબર	
૨	સ્પા/મસાજ પાર્લર, એકમનું નામ, સરનામું તથા ટેલીફોન અને મોબાઈલ નંબર	
૩	સ્પા/મસાજ પાર્લરમાં કામ કરતા તમામ કર્મચારીની સંપૂર્ણ વિગત (ફોટા સહિતની) --- (૧) જો તેઓ ભારતીય હોય તો તેના ઓળખના પુરાવા જોડવા. ● હાલનું સરનામુ ● મુળ વતનનું સરનામું ● ઓળખના ચિન્હો ● અભ્યાસ ● ઘર, ઓફિસનો ફોન નંબર તથા મોબાઈલ નંબર --- (૨) જો તેઓ વિદેશી હોય તો ● તેમના પાસપોર્ટની વિગત(પાસપોર્ટ તથા વિઝાની નકલ બીડવાની રહેશે.) ● કયા વિઝા પર ભારતમાં આવેલા છે. તેની વિગત ● હાલનું સરનામું ● ઘર, ઓફિસનો ફોન નંબર તથા મોબાઈલ નંબર. **સ્પા/મસાજ પાર્લર** **ચલાવનાર/સંચાલકનો કામ કરતા કર્મચારીઓનો પોલીસ સ્ટેશનના સહિ, સિક્કા અને તારીખ** **પાસપોર્ટ સાઈઝનો ફોટો** **પાસપોર્ટ સાઈઝનો ફોટો** સ્પા/મસાજ પાર્લર ચલાવનારની સહી કામ કરતા કર્મચારીની સહી સાક્ષીની સહી તથા સંપૂર્ણ વિગત	
૪	<u>નિયમો</u> ૧. આ વિગત કોરા કાગળ પર લખવાની રહેશે. ૨. આ વિગત સંપુર્ણ રીતે ભરીને સ્પા/મસાજપાર્લરો જે નામથી ચાલતા હોય તેના નામ સાથેની વિગત તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે. ૩. આ વિગત સંપૂર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બંને નકલ જે-તે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે. ૪. સ્પા/મસાજ પાર્લર ચલાવનારે ઓળખના પુરાવા તરીકે તેમનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાન કાર્ડ, આધારકાર્ડ, ઈલેક્શન કાર્ડ, રજુ કરવાના રહેશે.	

-:: અમલવારીનો સમય અને વિસ્તાર ::-

આ જાહેરનામું તા.૩૦/૦૬/૨૦૨૬ ના ૦૦.૦૦ કલાકથી તા.૨૮/૦૮/૨૦૨૬ના રોજ ૨૪.૦૦ કલાક સુધી (બંને દિવસો સહીત) કુલ-૬૦ (સાઠ) દિવસ માટે સમગ્ર જિલ્લામાં અમલમાં રહેશે.

-:: શિક્ષા::-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાં અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ - ૧૩૫ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૩૦મી જૂન, ૨૦૨૬ રોજ મારી સહી તથા સીક્કો કરવામાં આવ્યો

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.06 17:20:51 IST